ગાંધીનગર ખાતે ૨૨-૨૩ નવેમ્બરના રોજ

# 'અર્લી ચાઈલ્ડહૂડ ઍન્ડ ડેવલપમૅન્ટ' વિષયે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા નૅશનલ સૅમિનાર

ગાંધીનગર, તા. ૧૭

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા નૅશનલ કમિશન ફૉર પ્રૉટેક્શન ઑફ ચાઈલ્ડ રાઈટ્સ (ઍનસીપીસીઆર) અને શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ (ઍસઍસઍનયુ)ના સહયોગથી 'અર્લી ચાઈલ્ડહૂડ ઍન્ડ ડૅવલપમૅન્ટ' વિષયે નૅશનલ સૅમિનારનું આયોજન ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં સૅમિનારના કન્વીનર ડૉ. જિજ્ઞેશ બી પટેલે જણાવ્યું છે કે તા. ૨૨ અને ૨૩મી નવેમ્બરના રોજ ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, સૅક્ટર-૯, ગાંધીનગર ખાતે આ નૅશનલ સૅમિનાર યોજાઈ રહ્યો છે. સૅમિનાર અંતર્ગત ચાઈલ્ડ ડૅવલપમૅન્ટ ઍન્ડ સાઈકોલૉજી, ચાઈલ્ડ હેલ્થ એન્ડ ન્યુટ્રીશન, હોલિસ્ટિક ડેવલપમેન્ટ ઈન અર્લી ચાઈલ્ડહૂડ, ચાઈલ્ડ ડેવલપમેન્ટ એન્ડ ભારતીય થિંકિંગ, એથિકલ ઈશ્યૂઝ ઈન અર્લી ઍજ્યુકેશન, લર્નિંગ વિથાઉટ બર્ડન, નોવેલ મેથડ્સ ઓફ ઈવેલ્યુએશન, માસ મીડિયા, કરીક્યુલમ એન્ડ પેડાગોજી, રીસર્ચ એન્ડ ઈનોવેશન, ફિલ્મ, ડ્રામા, મ્યુઝિક એન્ડ રોલ પ્લે, ઍક્ટિવિટી એન્ડ ઍક્સપરીએન્ટલ લર્નિંગ, આર્ટીસ્ટીક-એસ્થેટિક ડેવલપમેન્ટ, કેરેક્ટર બિલ્ડીંગ, રિલેશન ઓફ પંચમહાભૂત વિથ ડેવલપમેન્ટ, મલ્ટી-લિંગ્વીસ્ટીક એપ્રોચ એન્ડ ઈટ્સ ઈફેક્ટ્સ ઓન ચાઈલ્ડ, ચાઈલ્ડ એઝ અ પર્સન અને કરંટ ઈશ્યૂઝ એન્ડ ચેલેન્જીસ જેવા મુદ્દાઓ અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવશે.

# ક્રાફ્ટ ઓફ આર્ટ ફેસ્ટિવલ્સઃ વારસાની ઉજવણીનાં ૧૦ વર્ષ

ગાંધીનગર, તા.૧૭

પ્રસિધ્ધ ભરતનાટ્યમ અને લોકનૃત્ય કલાકાર બિરવા કુરેશી લોકોને સ્મારકોનો પુનઃપરિચય કરાવવા માટે સંગીત મહોત્સવનું આયોજન કરી રહ્યા છે. બિરવા કુરેશી તેમના આ ફેસ્ટીવલ્સના ૧૦મા વર્ષમાં બે કાર્યક્રમો યોજી રહ્યા છે. જેની ખૂબ જ રાહ જોવાઈ રહી છે તેવા આ કાર્યક્રમમાં બુધવારે સંખ્યાબંધ પ્રસિધ્ધ કલાકારો હાજરી આપશે.

- **ક્રાફ્ટ ઓફ આર્ટ વાર્ષિક 'વોટર ફેસ્ટીવલ' નું અડાલજની વાવ ખાતે તા.૨૪ નવેમ્બરના રોજ અને 'જૂનાગઢ હેરિટેજ ફેસ્ટીવલ'નું તા.૩૦ નવેમ્બરના રોજ જૂનાગઢના મહાબત અને બહાઉદ્દીન મકબરા ખાતે આયોજન કરી રહ્યું છે**
- **આ સંગીત મહોત્સવમાં ઉસ્તાદ ફઝલ કુરેશી, અયાન અલી બંગશ, લૂઈસ બેન્કસ, આનંદ ભાટે, જ્યોર્જ બ્રુક્સ, શેલ્ડન ડી' સિલ્વા, જીનો બેંક્સ, રાકેશ ચોરસીયા અને નિઝામી બંધુ જેવા ઉંચા દરજ્જાના કલાકારો પર્ફોર્મન્સ આપશે**

બિરવા કુરેશી જણાવે છે કે "ક્રાફ્ટ ઓફ આર્ટની ભવ્ય મજલ આ વર્ષે વિશેષ સિમાચિહ્નરૂપ છે અને અમે આ વર્ષે અમદાવાદ અને જૂનાગઢમાં બે સંગીત મહોત્સવ યોજવાની જાહેરાત કરતાં આનંદ અનુભવીએ છીએ. સંગીત ક્ષેત્રના ઉંચા દરજ્જાના કલાકારો આ મહોત્સવમાં પર્ફોર્મન્સ આપશે. આ પ્રસંગે ક્લાસીકલ જાઝ, કવ્વાલી અને કેરાલા ટેમ્પલ ડ્રમ રજૂ કરાશે."

અડાલજની વાવ ખાતે યોજાનારા વોટર ફેસ્ટીવલમાં પ્રસિધ્ધ તબલા વાદક ઉસ્તાદ ફઝલ કુરેશી શ્રોતાઓને તેમના તબલાંના તાલે મંત્રમુગ્ધ કરી મૂકશે. પ્રસિધ્ધ ભારતીય જાઝ પિયાનિસ્ટ લૂઈઝ બેંક્સ કે જેમને ઈન્ડિયન જાઝના ગોડફાધર ગણવામાં આવે છે તે તથા જાઝ અને ભારતીય શાસ્ત્રીય સંગીત વચ્ચે સેતુનું કામ કરી રહેલા નિષ્ણાત સેક્સોફોનિસ્ટ અને ઉત્કૃષ્ટ કમ્પોઝર જ્યોર્જ બ્રુક્સ પણ પર્ફોર્મન્સ આપશે. કિરાના ઘરાનાના આનંદ ભાટે તેમની ગાયકી દ્વારા શ્રોતાઓને મંત્રમુગ્ધ કરશે. પ્રસિધ્ધ વાંસળી વાદક રાકેશ ચોરસીયા અને બાસ પ્લેટર શેલ્ડન ડી' સિલ્વા ગિટારની ક્લાસિકલ કૃતિઓ રજૂ કરશે.

સંગીતના ચાહકોને પ્રસિધ્ધ સંગીતકાર અને ડ્રમર જીનો બેંક્સના પર્ફોર્મન્સનો પણ લાભ મળશે. આ ઉપરાંત 'ડ્રમ્સ ઓફ કેરાલા' કાર્યક્રમમાં ૯ ડ્રમ વડે સંગીત પિરસાશે. ફિલ્મ અને રંગમંચના કલાકાર ડેન્ઝીલ સ્મીથ આ સમારંભનું સંચાલન કરશે.

બિરવા કુરેશી જણાવે છે કે "વોટર ફેસ્ટીવલમાં શ્રોતાઓને મધુર સંગીતની વચ્ચે અડાલજની સુંદર વાવની ભવ્યતાનો અનુભવ પ્રાપ્ત થશે."

મહાબત મકબરા ખાતે જૂનાગઢ હેરિટેજ ફેસ્ટીવલ સમારંભમાં પ્રસિધ્ધ કલાકારો શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી મૂકશે. આ સમારંભમાં જે કલાકારો સામેલ થવાના છે તેમાં સરોદવાદક અયાન અલી બંગશ અને કવ્વાલીના પ્રણેતા નિઝામી બંધુ કવ્વાલ રજૂ થશે. આ સમારંભનું




સંચાલન ગુજરાતી ભાષાના કવિ, ગીત લેખક અને ગઝલકાર મિલિન્દ ગઢવી કરશે.

ક્રાફ્ટ ઓફ આર્ટ ફેસ્ટીવલનો પ્રારંભ વર્ષ ૨૦૧૦માં થયો હતો અને તેની મારફતે વિવિધ સ્મારકોનો લોકોને અને ખાસ કરીને યુવા પેઢીને પુનઃપરિચય કરાવવાની શરૂઆત થઈ હતી. આ સમારંભ મારફતે સ્મારકો અને કલા વારસાથી દૂર થતી જતી સામાન્ય જનતા અને યુવા પેઢીને જોડવાના પ્રયાસ કરાઈ રહ્યો છે.

છેલ્લા ૯ વર્ષમાં ગુજરાતમાં ૧૯ સંગીત મહોત્સવ યોજીને આ પ્રયાસને સબળ બનાવવામાં આવ્યો છે. ક્રાફ્ટ ઓફ આર્ટ સ્મારકોને લોકો સમક્ષ લઈ જઈ રહ્યું છે, જેથી લોકો ગુણવત્તાસભર વિષયબધ્ધ સંગીતને માણે અને સ્મારકોની કલાકારીગરી, સૌંદર્ય અને ભવ્યતાનો પરિચય કેળવે.

# ગાંધીનગર-અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ આગામી જૂનથી આરંભાશે

## ૨૮.૨૬ કિલોમીટર લંબાઇના આ પ્રોજેક્ટ માટે પ્રથમ તબક્કાના ટેન્ડર નજીકના ભવિષ્યમાં ઇન્વાઇટ કરાશે



ગાંધીનગર, તા. ૧૭

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં મેટ્રો રેલ પ્રોજેકટના કામોની હાથ ધરેલી સર્વગ્રાહી પ્રગતિ સમીક્ષા બેઠક દરમ્યાન મેટ્રો ટ્રેનને ગાંધીનગર સુધી લંબાવવાના કામોની દરખાસ્ત અને કેન્દ્ર સરકારે આપેલી મંજૂરી સંદર્ભમાં વિશદ ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી હતી. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનના એમ.ડી. એસ. એસ. રાઠૌરે આ પ્રોજેકટ અંગેની વિગતો બેઠકમાં મુખ્યમંત્રીશ્રીને આપી હતી.

તદ્અનુસાર, મોટેરા અમદાવાદથી મહાત્મા મંદિર ગાંધીનગર સુધીના કુલ ૨૮.૨૬ કિલોમીટર લંબાઈ ધરાવતા આ પ્રોજેકટના પ્રથમ તબક્કાના ટેન્ડર ટૂંક સમયમાં ઈન્વાઈટ કરવામાં આવશે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગત તા. ૪ માર્ચ-૨૦૧૯ના રોજ આ પ્રોજેકટનો શિલાન્યાસ કર્યા બાદ જરૂરી જીઓ ટેક્નિકલ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને ટેન્ડર તૈયાર કરવાની કામગીરી પણ કરવામાં આવી હતી. હવે, નજીકના ભવિષ્યમાં આ પ્રોજેકટના પ્રથમ તબક્કાના ટેન્ડર ઈન્વાઈટ કરાશે તેમ બેઠકની ચર્ચા દરમ્યાન જણાવાયું હતું. આ બેઠકમાં પ્રેઝન્ટેશન કરતાં મેટ્રો રેલના મેનેજીંગ ડાયરેકટરએ જણાવ્યું કે, અમદાવાદ મેટ્રો રેલને મહાત્મા મંદિર ગાંધીનગર સુધી લંબાવવાના હેતુથી ગુજરાત સરકારે રજૂ કરેલી રૂ. ૫૩૮૪.૧૭ કરોડની દરખાસ્તને ગત ફેબ્રુઆરી-૨૦૧૯માં ભારત સરકારે મંજૂરી આપી દીધી છે. આ પ્રોજેકટ પાંચ વર્ષમાં પૂર્ણ કરવા પણ મંજૂરી પત્રમાં જણાવવામાં આવ્યું છે.

મોટેરાથી મહાત્મા મંદિર ગાંધીનગર સુધીના આ મેટ્રો રેલ પ્રોજેકટની બાંધકામ કામગીરી જૂન-૨૦૨૦માં શરૂ થશે અને માર્ચ-૨૦૨૪માં તે પૂર્ણ કરવાનું આયોજન છે તેમ પણ બેઠકમાં જણાવવામાં આવ્યું હતું. અત્રે એ નિર્દેશ કરવો આવશ્યક છે કે આ પ્રોજેકટને પરિણામે અમદાવાદ અને ગાંધીનગર "માસ રેપિડ ટ્રાન્સપોર્ટ" સુવિધાથી જોડાશે. આથી બંને શહેરોના નાગરિકોને સરળ યાતાયાત સગવડ મળશે એટલું જ નહિ, વાયુ પ્રદૂષણ અટકશે અને માર્ગ પરનું ભારણ તથા અકસ્માતોનું પ્રમાણ ઘટશે.

મુખ્યમંત્રી નિવાસસ્થાને યોજાયેલી આ સમીક્ષા બેઠકમાં મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ કે.કૈલાસનાથન, શહેરી વિકાસ અધિક મુખ્યસચિવ મુકેશ પુરી, મુખ્યમંત્રીના અગ્રસચિવ એમ.કે.દાસ તેમજ મેટ્રો રેલ કોર્પોરેશનના અધિકારીઓ જોડાયા હતા.

એઆઈસીએફ ઈન્ટરનેશનલ વુમન ગ્રાન્ડમાસ્ટર રાઉન્ડ રોબીન ચેસ ટુર્નામેન્ટ-૨૦૧૯

# ભારતની આકાંક્ષા હગવાનેની ૬ પોઈન્ટ સાથે વિજયીકૂચ જારી




ગાંધીનગર, તા, ૧૭

એઆઈસીએફ ઈન્ટરનેશનલ વુમન ગ્રાન્ડમાસ્ટર રાઉન્ડ રોબીન ચેસ ટુર્નામેન્ટ-૨૦૧૯ ટુર્નામેન્ટનું આયોજન ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન દ્વારા કરવામાં આવ્યું છે. આંઠમાં રાઉન્ડનાં અંતે ભારતની આકાંક્ષા હગવાને (રેટીંગ ૨૨૨૭) ૬ પોઈન્ટ સાથે ટુર્નામેન્ટમાં સરસાઈ ભોગવી રહી છે. આકાંક્ષાએ ભારતની જ એક અન્ય ખેલાડી પ્રત્યુશા બોડ્ડા (રેટીંગ ૨૨૮૫)ને આંઠમાં રાઉન્ડમાં હરાવી આ સિધ્ધી હાંસલ કરેલ છે. નવમાં રાઉન્ડમાં આકાંક્ષાનો મુકાબલો ભારતની જ અન્ય ખેલાડી પ્રિયંકા કે (રેટીંગ૨૦૬૭) સાથે થશે. આંઠમાં રાઉન્ડના અંતે ભારતની આકાંક્ષા હગવાને ૬ પોઈન્ટ સાથે પ્રથમ સાથે રહી હતી જયારે વિયેતનામની ખેલાડી લ્યુઓન્ગ ફયુઓન્ગ હેન અને ભારતની ખેલાડી મૃદુલ દેહાનકર ૫.૫ પોઈન્ટ સાથે અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમાંકે રહી હતી. તા.૧૮-૧૧-૨૦૧૯ના રોજ પુરી થનારી આ ટુર્નામેન્ટમાં કુલ રૂા.૧૦ લાખના રોકડ ઈનામો વહેંચાવમાં આવશે.

## જન્મદિને વધામણી



કાર્તિક પટેલ
મ્યુનિ. કાઉન્સિલર
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૧૭૩૬ ૯૧૮૮૮



દિક્ષા સુનીલકુમાર સોની



જીયાન
યોગેશકુમાર આનંદ
મો. ૯૮૯૮૧ ૧૩૧૩૧



વિનોદચંદ્ર કે પરમાર
મો. ૯૭૨૫૦ ૦૪૮૫૩

# નેવી વિકની ઉજવણી નિમિત્તે ડ્રોઈંગ કૉમ્પિટિશન



નેવી વિકની ઉજવણી નિમિત્તે નેવી વાઈવ્સ વૅલ્ફેર ઍસોસિએશન ગુજરાત, દમન, દીવ નેવલ એરિયા અને નેવી ચિલ્ડ્રન સ્કૂલ, બોરબંદર દ્વારા સ્કૂલના વિદ્યાર્થીઓ માટે ડ્રોઈંગ અને પેઈન્ટીંગ કૉમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાવિ પેઢીમાં નેવી અંગે જાગરૂકતા લાવવાના હેતુસર આ સ્પર્ધા યોજવામાં આવી હતી.



૨૧૦ જેટલા વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક જોડાઈને પોતાની કલાનું સુંદર પ્રદર્શન કર્યું હતું. ગુજરાત એરિયાના કમાન્ડિંગ ફ્લેગ ઓફિસર ઍડમિરલ સંજય રોય અને રચના રોયના હસ્તે વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

# ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા માછીમારો માટે તાલીમ




ગાંધીનગર, તા. ૧૭

ભારતીય કોસ્ટ કાર્ડ (ICG) દ્વારા ભારત અને પાકિસ્તાન વચ્ચે આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમા રેખાની નજીકના દરિયામાં ભારતના ૧૭૧ માછીમારોને નવીનતમ રીતે તાલીમ આપવામાં આવી હતી. એક સામાન્ય જગ્યાએ મોટી સંખ્યામાં માછીમારો દ્વારા ભારતીય માછીમારી હોડીઓ એકત્રિત કરવામાં આવી હતી અને ICGS જહાજની બૉર્ડિંગ ટીમે એક તરતા પ્લેટફોર્મ પર સામુદાયિક વાર્તાલાપ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

આ તાલીમ દરમિયાન, માછીમારોને તેમની અંગત સલામતી અને ઓળખ માટે બોટનું લાઈસન્સ, બાયોમેટ્રિક કાર્ડ, ડિસ્ટ્રેસ એલર્ટ ટ્રાન્સમિટર્સ, સેફ્ટી ગીઅર્સ અને લાઈફ જેકેટ્સ સાથે રાખવાના મહત્ત્વ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમને IMBL ના ઓળંગવાની તેમજ નોન-ફિશિંગ ઝોનમાંથી માછીમારી ના કરવાની સલાહ આપવામાં આવી હતી કારણ કે તેનાથી પડોશી દેશ દ્વારા કાયદાકીય અસરો અને ધરપકડની શક્યતાઓ રહે છે અને તેના પરિણામે તેમના પરિવારો મુશ્કેલીમાં આવી શકે છે. તાલીમ દરમિયાન માછીમારોને ડિસ્ટ્રેસ એલર્ટ ટ્રાન્સમિટરના ઉપયોગ અને સૌથી નજીકના ICG એકમ ખાતે બિનઈરાદાપૂર્વક એક્ટિવેશનની જાણ કરવાનું બતાવવામાં આવ્યું હતું.

માછીમારો ભારતની દરિયાઈ સીમામાં સુરક્ષા એજન્સીઓની આંખો અને કાન છે અને કોઈપણ શંકાસ્પદ ગતિવિધીની જાણ કરવામાં તેઓ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. માછીમારોને વિનંતી કરવામાં આવી હતી કે તેમને દરિયાઈ સીમામાં કોઈપણ શંકાસ્પદ ગતિવિધી જોવા મળે તે વિશે ચેનલ ૧૬ અને રિર્પોટિંગ સાઈટ પર ભારતીય કોસ્ટ ગાર્ડને કોલ કરીને તેની જાણ કરે. માછીમારોને જરૂરી લોજિસ્ટિક સહાય આપવામાં આવી હતી અને તેમના તબીબી સ્વાસ્થ્યનું ચેકઅપ કરવામાં આવ્યું હતું. દરિયામાં સામુદાયિક વાર્તાલાપ યોજવાના અનોખા વિચારને માછીમાર સમુદાય તરફથી વ્યાપક પ્રશંસાઓ મળી રહી છે અને નજીકના ભવિષ્યમાં પણ આવા વાર્તાલાપમાં તેઓ ભાગ લેશે.

# ટૅલેન્ટ હોય તો તમને આગળ વધતાં કોઈ રોકી શકે નહીં





'વૉર ઑફ ટૅલેન્ટ'ના નામથી યુટ્યુબ પર રિયાલિટી શો શરૂ થયો છે, જેમાં સિંગિંગ, ઍક્ટિંગ, મૉડેલિંગનાં લાઈવ પરફોર્મન્સ આપવામાં આવે છે. આ રિયાલિટી શોમાં ભારતભરમાંથી ૧૦ હજાર જેટલા કલાકારોએ ઑડિશન માટે કમર કસી હતી, જે પૈકી ૨૦૦ કલાકારોની પસંદગી શો માટે થઈ હતી. ગુજરાતના ૬ અને ગાંધીનગર શહેરનાં એક કલાકારની પસંદગી આ શો માટે થઈ હતી.

નગરની ગૌરવગાથામાં ઉમેરો કરનાર આ યુવતીનું નામ છે વિધિ પ્રકાશ પટેલ. વિધિને નાનપણથી જ અભિનય પ્રત્યે લગાવ હતો અને તેણે સ્કૂલકાળ દરમિયાન અભિનયની વિવિધ સ્પર્ધાઓમાં ઈનામો પ્રાપ્ત કર્યા છે. ગુજરાત કૉલેજ અને અન્ય સ્થળોએ નાટકોમાં ભાગ પણ લીધો છે.

વિધિના પિતા ઉત્તર ગુજરાત વીજ કંપની લિ.માં ફરજરત છે અને માતા રીટાબેન ગૃહિણી છે. વિધિએ ધોરણ-૧૦ સુધીનો અભ્યાસ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ સ્કૂલ અને આર જી પટેલ સ્કૂલમાં કર્યો છે. અહીં વિવિધ પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેવાના કારણે તેને 'વીરબાળા'નું પારિતોષિક પણ પ્રાપ્ત થયું હતું. મંડળ સંચાલિત લલિતકલા ઍકેડેમીમાં તેણે ભરતનાટ્યમની તાલીમ પણ પ્રાપ્ત કરી હતી. ધોરણ-૧૧,૧૨નો અભ્યાસ ક્રિશ્ના સ્કૂલ ઑફ સાયન્સ ખાતે કર્યો અને ત્યારબાદ ગાંધીનગર નર્સિંગ કૉલેજમાંથી નર્સિંગની તાલીમ પણ તેણે પૂર્ણ કરી.

એ પછી વૉર ઑફ ટૅલેન્ટ રિયાલિટી શોના ઑડિશન માટે તૈયારી કરી. પ્રથમ રાઉન્ડમાં તેણે એકપાત્રિય અભિનયની પ્રસ્તુતિ કરી. 'સાઈક્રિયાટીસ્ટ'નું તેનું પાત્ર દમદાર રહ્યું ને તેની પસંદગી શો માટે થઈ ગઈ. તે પછી ઉજ્જૈન ખાતે શોનું શૂટિંગ શરૂ થયું. જ્યાં ૩૬ સ્ક્રિપ્ટ આપવામાં આવી હતી. ૩૪ દિવસનાં રિહર્સલ બાદ શો માટે ઉમેદવારોને તૈયાર ગણવામાં આવ્યા. સવારે ૧૦થી બીજા દિવસે સવારે ૪ કલાક સુધીની સખ્ત મહેનત આ દિવસો દરમિયાન કરી હોવાનું વિધિ કબૂલે છે.

પોતાના વ્યક્તિત્વ વિશેની વાતચીતમાં તેણે જણાવ્યું હતું કે 'મારી ઓછી હાઈટ અને સામાન્ય અવાજને કારણે હું ખૂબ ક્ષોભ અનુભવતી હતી. પરંતુ હારવું મને કબૂલ નહોતું એટલે જાતને તૈયાર કરતી રહી. આજે હું એ બાબતે આશ્વસ્ત છું કે તમારી પાસે કલા હોય, ટૅલેન્ટ હોય તો તમને આગળ વધતાં કોઈ રોકી શકે નહીં.'



**વાત-વાતમાં**
કુંતલ નિમાવત
knn786@gmail.com

વિધિને જ્યારે શો માટે પ્રથમ વખત સ્ક્રિપ્ટ આપવામાં આવી હતી ત્યારે એ થોડી નર્વસ થઈ ગઈ હતી પરંતુ પછી જાત પર કાબૂ મેળવી લીધો હતો અને ગુજરાતી નહીં, પરંતુ મરાઠી ભાષાની સ્ક્રિપ્ટ સ્વીકારી. એ માટે તે મરાઠી ભાષા પણ શીખી અને ત્યારબાદ પંજાબી પણ. ઉલ્લેખનીય છે કે વિધિએ આસામ ખાતે એક નાટ્યપ્રયોગ દરમિયાન હાલની નૅશનલ ઍવોર્ડ વિજેતા ગુજરાતી ફિલ્મ 'હેલ્લારો'ની અદાકારા બ્રિન્દા ત્રિવેદી સાથે પણ કામ કર્યું છે.

હિન્દી ફિલ્મજગતની બે સફળ અભિનેત્રી શ્રીદેવી અને માધુરી દિક્ષિતથી વિધિ ખૂબ પ્રભાવિત છે અને એ જ રીતે પરફેક્શનિસ્ટ અભિનેતા આમીર ખાનની અદાકારી પણ તેને ખૂબ ગમે છે. તેને આનંદ છે કે પોતે જે શો માટે પસંદ થઈ છે તે વૉર ઑફ ટૅલેન્ટના નિર્ણાયક તરીકે ઈસ્માઈલ દરબાર, મુગ્ધા ગોડસે, સલમાન યુસુફ ખાન અને સંચાલક તરીકે રાહુલ દેવ પોતાની સેવાઓ આપી રહ્યા છે.

'મારે પ્રત્યેક માતાપિતાને કહેવું છે કે સંતાનો વચ્ચે ભેદભાવ રાખશો નહીં. દીકરીને ઉડવા દો, એની પાંખો કાપશો નહીં. આજે દરેક ક્ષેત્રમાં દીકરીઓ આગળ છે. નારી એ શક્તિ છે એવું માત્ર કહેવાથી નહીં ચાલે, નારીને શક્તિ તરીકે સાબિત થવા માટે પૂરતી તક ને મોકળાશ પણ આપવી પડશે.' એવું વિધિ લાગણીપૂર્વક જણાવે છે.

અભિનયના ક્ષેત્રમાં આગળ વધવાની મહેચ્છા ધરાવનારી વિધિને ચૅલેન્જીંગ રોલ કરવાની કામના છે. તેને સમગ્ર ગાંધીનગર તરફથી શુભકામનાઓ.